**RCS**–45/2022 **with RCS**–59/2023

આંક............

## મુદ્દા

(૧) શુ વાદી પુરવાર કરે છે કે, વાદીઓની માલીકી કબજા ભોગવટાની રંગપરની ખેતીની જમીન નવો સર્વે નં.૨૭૫ જુનો સર્વે નં.૮૫, હે.આરે.ચો.મી ૧૨–૫૯–૪૬ ની જમીન વાદીની માલીકી કબજા ભોગવટાની આવેલી છે તથા વાદીની આ જમીનમાં પ્રતિવાદીઓનો કોઈ જ હક્ક, અધિકારી, માલીકી આવેલ નથી?

(૨) શું વાદી પુરવાર કરે છે કે દાવાવાળી જમીન પ્રતિવાદીઓની જાણ સંમતીથી સને–૧૯૬૨ થી અવિરત અભંગ વાદીઓના કબ્જા ભોગવટામાં આવેલી છે અને તે રીતે પણ વાદીઓ એડવર્સ પજેશનની રૂઈએ આ જમીનના માલીક, મુખત્યાર, કબ્જેદાર છે?

(૩) શુ વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનમાં વાદીના કાયદેસરના કબજા ભોગવટામાં પ્રતિવાદીઓને હરકત, અટકાયત, અવરોધ કરવાનો કોઈ હક્ક અધિકાર નથી?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનના વાદીના કબ્જા ભોગવટામાં પ્રતિવાદીઓ જાતે કે તેના સગા–સબંધી, મુખત્યાર, એજન્ટ, નોકર–ચાકર, દાડીયાઓ મારફતે વાદીની જમીનમાં પ્રવેશ કરે–કરાવે નહિ અને પ્રતિવાદીઓ રેવન્યુ રેકર્ડના આધારે આ મિલ્કત કોઈપણ રીતે કોઈપણને ટ્રાન્સફર, એસાઈન,બક્ષીસથી ટ્રાન્સફર કરે કરાવે નહિ કે તેવો કોઈ ખત/દસ્તાવેજ કરે–કરાવે નહિ અને આ જમીન ઉપર કોઈપણ પ્રકારનું લેણુ,બોજા કે લીયન,ચાર્જ,મોર્ટગેજ કરે–કરાવે નહિ તેવુ ઠરાવવા હક્કદાર છે?

(૫) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓના નામજોગની અને માલીકીની ખેતીની જમીન જે બોટાદ તાલુકાના રંગપર ગામના ખાતા નં.૧૭૧ થી આવેલ રે.સ.નં–૨૭૫ જુનો રે.સ.નં–૮૫ હે.૧૨–૫૯–૪૬ જે ખેતીની જમીન વાદીઓ દ્વારા પચાવી પાડેલ હોય જે કાઉન્ટર દાવાના પારા નં.૩ માં દર્શાવેલ હકિકત વાળી જમીન વાદીઓના કબ્જામાંથી ખાલી કરાવી આપવા હક્કદાર છે?

(૬) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનમાં વાદીઓ પ્રતિવાદીઓને કે પ્રતિવાદીઓના કુટુંબીજનો કે દાડીયા, નોકર,ચાકર વિગેરેનો સદરહું જમીન ઉપર ખેતીકામ કરતા કે આવ–જા કરતા હરકત અટકાયત કરે કરાવે નહિ અને સદરહું જમીનનો કબ્જો પ્રતિવાદીઓને સોપી અન્યથા કોર્ટ કમીશ્નરશ્રી દ્રારા પ્રતિવાદીના પ્રત્યક્ષ ભોગવટામાં સ્થળ ઉપર કબજો સોપી આપે તેવુ ઠરાવવા હક્કદાર છે?

(૭) શુ પ્રતિવાદી પુરવાર કરે છે કે, દાવાવાળી જમીનના પ્રતિવાદીઓ કાયદેસર રીતે માલીકી હક્ક ધરાવતા હોય અને સદરહું જમીનમાં માત્ર પ્રતિવાદીઓનું જ હીત સમાયેલ છે અને પ્રતિવાદીઓજ ખરા માલીક છે તેવુ ઠરાવવા હક્કદાર છે?

(૮) શુ પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીઓ સદરહું દાવાવાળી જમીનમાં જાતે કે નોકર,ચાકર,એજન્ટ, વારસદાર કે કુલમુખત્યાર દ્રારા કોઈપણ પ્રકારે કોઈપણ રીતે આ જમીનની સ્થળ સ્થિતીમાં ફેરફાર કરે–કરાવે નહિ, વેચાણ, ગીરો કે બક્ષીસ કે આ જમીનમાં ખેતી કરે કરાવે નહિ તેવુ ઠરાવવા હક્કદાર છે?

(૯) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૧૦) શું હુકમ અને હુકમનામુ?

બોટાદ.
તા.૦૩/૧૨/૨૦૨૫

**(એમ.એસ.સોની)**
એડીશ્નલ સિનિયર સિવીલ જજ
બોટાદ.
કોડ નં.જી.જે.૦૧૨૬૨